## જન્મદિને વધામણી



જાહ્નવી વંજાણી
મો. ૯૬૨૪૪ ૪૫૪૬૮



પુષ્પાબેન એમ પરમાર
મો. ૯૭૧૪૮ ૦૫૨૦૬



આરતી બાબુલાલ નાયી
મો. ૯૭૧૪૮ ૨૫૪૫૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# રાજ્યકક્ષાની નેશનલ સાયન્સ કોંગ્રેસ માટે જે બી પ્રાથમિક શાળાના પ્રોજેક્ટની પસંદગી



ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા કક્ષાની નૅશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ-૨૦૧૬ સ્પર્ધા તાજેતરમાં યોજવામાં આવી હતી જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જિલ્લાકક્ષાની આ સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ સ્વાસ્થ્ય, પોષણ અને સ્વચ્છતા વિષય અંતર્ગત ઘ-૫, ગાંધીનગર, ખાણી-પાણી વિસ્તારની સ્વચ્છતાનો પ્રોજેક્ટ રજૂ કર્યો હતો, જેની પસંદગી રાજ્યકક્ષાની નેશનલ સાયન્સ કોંગ્રેસ-૨૦૧૬ સ્પર્ધા માટે કરવામાં આવી છે.

પ્રોજેક્ટની સુંદર રજૂઆત કરી સફળતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ તથા ટીમ લીડર વ્રજ કનુભાઈ પટેલને અને માર્ગદર્શક વિજ્ઞાન શિક્ષકને શાળાનાં આચાર્ય નીવાબેન પટેલે અભિનંદન સહ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં સફળતા માટે શુભેચ્છા પાઠવી છે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત

# પત્રકારત્વ વિભાગનું ગૌરવ



ગાંધીનગર, તા. ૨૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત પત્રકારત્વ વિભાગ વર્ષ ૨૦૧૪-૧૫ના વિદ્યાર્થી પલક પટેલ અમેરીકાની ઓકલાહામા યુનિવર્સિટીના જર્નાલિઝન વિભાગના સ્ટુડન્ટ એક્ષચેન્જ પ્રોગ્રામ અંતર્ગત ભારતમાંથી એક માત્ર વિદ્યાર્થીની તરીકે પસંદગી પામેલ છે. જેઓ બે માસ માટે આ યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગ તથા ઉદ્યમિક સાહસિકતાના ક્ષેત્રની ચર્ચામાં તેમજ જુદા જુદા પ્રોજેક્ટ્સમાં ભાગ લેશે. દેશમાંથી ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓની અરજીઓ આવી હતી. જેમાંથી પોતાની કાર્યક્ષમતા, સિદ્ધિઓના આધાર પર ભારતમાંથી ૩ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. પલક પટેલ અમેરિકાની ઓકલા હામા યુનિવર્સિટીમાં બાંગ્લાદેશ તેમજ બર્માના પ્રતિનિધિમંડળ સાથે જોડાઈને અહીંના પત્રકારત્વમાં મેળવેલ શિક્ષણની ચર્ચા કરશે. અત્રે નોંધનીય છે કે ઈડીઆઈમાંથી એમબીએ પૂર્ણ કર્યાની સાથે ઉદ્યોગસાહસિકતાના પાઠ ભણેલા પલક પટેલે પોતાનું વિદેશમાં વસતા લોકો તથા બિનનિવાસી ભારતીયોને ભારતના હેન્ડીક્રાફ્ટ તેમજ વિવિધ પ્રસંગ અનુરૂપ સુવિધા પુરૂ પાડતુ સ્ટાર્ટઅપ યંગ ઈન્ડિયા.ડોટકોમ શરૂ કરેલ છે. પલક પટેલની આ સિદ્ધિ બદલ કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ, જર્નાલિઝન વિભાગના કોર્ડીનેટર કૃષ્ણકાન્ત જ્હા અને મિતેષ મોદીએ શુભેચ્છાઓ પાઠવી છે.

**ડાયરેક્ટ ❤ સે**

માફી માગનાર કદાચ
મજબૂર હોય
પણ માફી આપનાર તો
સો ટકા મજબૂત જ હોય

## જિલ્લામાં ૨૩મીએ સુવર્ણપ્રાશન અભિયાન

ગાંધીનગર, તા. ૨૩

જિલ્લા વિકાસ અધિકારી કચેરી દ્વારા જન હિતાર્થે આગામી તા. ૨૩ ઓક્ટોબર, રવિવાર ને પુષ્નક્ષત્રના રોજ સુવર્ણપ્રાશમાં સાતત્ય જળવાય એ હેતુથી ખાસ કિસ્સામાં દવાખાનાં ચાલુ રાખી સવારે ૮.૦૦થી ૧૦.૦૦ સુધીમાં બાળકોને સુવર્ણ પ્રાશનનાં ટીપાં જિલ્લાનાં આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનાઓમાં પીવડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગેની વિગતો આપતાં જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. બી ટી પટેલે જણાવ્યું છે કે આયુર્વેદમાં બાળકોનું સ્વાસ્થ્ય વધારવા માટે ઘણા ઉલ્લેખ છે અને દિવ્ય મેધાવર્ધક ઔષધોનો ઉલ્લેખ પણ કરાયો છે. આ ઔષધો બાળકને પુષ્ય નક્ષત્રમાં ચટાડવાના હોય છે. પુષ્ય નક્ષત્ર બધા નક્ષત્રમાં સૌથી બળવાન છે. આ નક્ષત્રમાં કરેલ કોઈપણ કાર્યની અસર તેના પછીના પુષ્યનક્ષત્ર સુધી રહે છે.




અખિલ ભારતીય મુલ્કી સેવા તરણ સ્પર્ધા ગુરુવારે ગાંધીનગર ખાતે સંપન્ન થઈ. આ સ્પર્ધામાં ગાંધીનગરને પણ એક ગૌરવ પ્રાપ્ત થયું છે. ગાંધીનગરનાં જ રહેવાસી અને સ્પોર્ટ્સ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં અગ્રણી એવાં મેઘલ એરડાએ આ સ્પર્ધામાં ભાગ લઈને બે બ્રોન્ઝ મેડલ જિત્યા હતા. નગરના ખેલપ્રેમીઓ તરફથી તેમને અભિનંદન પ્રાપ્ત થઈ રહ્યાં છે.

## ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ખાતે સિનિયર ગર્લ્સ કબડ્ડી ટુર્નામેન્ટ યોજવામાં આવી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર તાલુકાના મોટા ચિલોડા ખાતે કાર્યરત ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ખાતે જિલ્લાકક્ષાની સિનિયર ગર્લ્સ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગર તાલુકાની ટીમ વિજેતા બની હતી.

ગાંધીનગર જિલ્લાના કલોલ, દહેગામ, માણસા અને ગાંધીનગર એમ ચારેય તાલુકામાંથી આવેલી સિનિયર ગર્લ્સ ખેલાડીઓએ કબડ્ડીની સ્પર્ધામાં ભાગ લીધો હતો.

સ્પર્ધાના અંતે ગાંધીનગર તાલુકાની ગર્લ્સ ટીમને વિજેતા જાહેર કરવામાં આવીહતી.

# એસ જી પ્રાથમિક સ્કૂલમાં 'ફ્રૂટ ડે'નો કાર્યક્રમ યોજાયો



ગાંધીનગરની એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં તા-૨૧ -૧૦-૧૬ ના રોજ ફ્રૂટ ડેના કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ૧ થી ૪ ધોરણના વિદ્યાર્થીઓ ઘરેથી એક ફ્રૂટ લાવ્યા અને તે અનુસાર કપડાં પણ પહેરીને આવ્યા હતા. શાળામાં દરેક ફ્રૂટ શરીર માટે કેટલું ઉપયોગી છે તેની માહિતી આપવામાં આવી હતી. આજના જંકફૂડના જમાનામાં બાળક ફ્રૂટનું મહત્વ સમજે તે હેતુને ધ્યાનમાં રાખી આ પ્રવૃતિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

# સ્ટાર્ટ-અપથી યુવાશકિત જોબ સીકર નહિ જોબ ગીવર બનશે : મુખ્યમંત્રી





ગાંધીનગર, તા. ૨૧

વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૭ના પૂર્વાધ રૂપે મહાત્મા મંદિરમાં યોજાયેલી સ્ટાર્ટઅપ સમિટનો મુખ્યમંત્રીશ્રીએ પ્રારંભ કરાવ્યો હતો.

આ દ્વિદિવસીય સમિટમાં ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોના ૧૧૦૦ ઉપરાંત હોનહાર યુવા સ્ટાર્ટઅપ ભાગલઈ રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ તરવરાટ અને જીવનમાં કાંઈક કરી છૂટવાની ધગશથી છલકતા આ યુવા સ્ટાર્ટઅપને પ્રેરણા આપતાં કહ્યું કે, ૨૧મી સદીની યુવા પેઢીનો આઈકયુ બહુ ઊંચો છે તેની વિચારશકિત અને નવા આવિષ્કરણો કરવાની કૂનેહને તક આપી કન્સ્ટ્રકટીવ વેમાં પ્રેરિત કરવા આ સ્ટાર્ટઅપ ચાલક બળ બનવાનું છે.

ઔદ્યોગિક ક્ષેત્રને ભારતના સ્ટાર્ટ-અપ અભિયાનથી નવી જ દિશા મળશે તેમ જણાવતા સ્ટાર્ટ-અપ કેનેડાના સી.ઈ.ઓ. સુશ્રી વિકટોરીયા લિનક્સે ઉમેર્યુ હતું કે, ભારત દેશમાં સ્ટાર્ટ-અપ માટે વિશાળ તક છે. ભારતમાં માર્કેટ પણ મોટું છે.

સુશ્રી વિકટોરીયાએ નવાગંતુક ઉદ્યોગ સાહસિકોને 'બી ગ્લોબલ, ગો ગ્લોબલ' અને 'થીંક બીગ' જેવા સફળતાના મંત્રો આપી શ્રેષ્ઠ સમાજ નિર્માણ માટે પ્રવૃત્ત થવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે કેનેડાના મુંબઈ સ્થિત ટ્રેડ કમિશનર શ્રી ચેડ હન્સલરે ભારત અને કેનેડાના વ્યાવસાયિક સંબંધો વબુ મજબૂત બને તે માટે બન્ને દેશોના સંનિષ્ટ પ્રયાસોની ખાસ નોંધ લઈ જણાવ્યું હતું કે, સંશોધન અને ઈનોવેશન દ્વારા કેનેડા અને ભારત ઔદ્યોગિક સહયોગ ક્ષેત્રે શ્રેષ્ટ પરિણામ હાંસલ કરશે. તેમણે જણાવ્યું હતું કે, સંશોધન વિકાસ, ઈનોવેશન જેવા ક્ષેત્રે સહયોગ માટે કેનેડા-ભારત 'મેડ ફોર ઈચઅધર' છે. પરસ્પર સહયોગથી કેનેડા-ઈન્ડિયા ટ્રેડ પાર્ટનરશીપ નવા જ પરિણામો સર્જશે.

કાર્યક્રમની શરૂઆતમાં ફિક્કીના સીનિયર વાઈસ પ્રેસીડેન્ટ શ્રી પંકજ પટેલે વેપાર એ ગુજરાતીઓના સંસ્કાર છે તેમ જણાવી ઉમેર્યુહતુંકે, સ્ટાર્ટ-અપ દ્વારા ગુજરાતીઓના આ કૌશલ્યને નવું બળ મળશે. શ્રી પટેલે એમ પણ જણાવ્યું હતું કે, સ્ટાર્ટ-અપથી બેસ્ટ ઈકોનોમી ઉપરાંત રોજગાર નિર્માણની શ્રેષ્ઠ તકો દ્વારા મજબૂત રાષ્ટ્રનું નિર્માણ થઈ શકશે. ક્વોલીટી ઓફ ટેલેન્ટ એ સ્ટાર્ટ-અપનું હાર્દ અને ઈનોવેટીવ આઈડિયા જ ઔદ્યોગિક સફળતાના પાયા રૂપ ગણાવ્યા હતા.

કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રી, પ્રમોશન એન્ડ પ્લાનીંગના સચિવ શ્રી રમેશ અભીષેકે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું મેઈક ઈન ઈન્ડિયાનું સપનું સ્ટાર્ટ-અપ દ્વારા સાકાર કરવા ગુજરાત અગ્રેસર બનશે. તેમણે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે મેન્યુફેકચરીંગ સ્કીલ, ઉદ્યોગ સાહસિકતા અને સ્ટાર્ટ-અપ દ્વારા શ્રેષ્ઠ પરિણામો હાંસલ કરવા પોલીસી, વિવિધ યોજનાઓ અને આર્થિક સહયોગ જેવા વિવિધ ક્ષેત્રે ખાસ સવલતો ઉભી કરી છે. સ્ટાર્ટ-અપને આર્થિક આધાર આપવા દસ હજાર કરોડ રૂપિયાનું ફંડ ઉભું કરાયું હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

મુખ્યસચિવ શ્રી ડો. જે. એન. સિંહે સ્ટાર્ટ-અપ સમીટના હાર્દને સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે, આ સમીટ પીપલ-પોલીસી અને પાર્ટનરશીપને સાથે જોડવાનો અવસર બનશે. તેમણે જણાવ્યું હતુ કે, ગુજરાત મેન્યુફેકચરીંગ ક્ષેત્રનું દેશનું અગ્રેસર રાજ્ય છે ત્યારે ગુજરાત સ્ટાર્ટ-અપ દ્વારા ઈનોવેશનના માધ્યમથી દેશભરમાં શ્રેષ્ઠ કાર્ય કરશે. સરકાર આવા સાહસિકોની સાથે છે, તેમણે યુવાનોને સ્ટાર્ટ-અપના સહારે નવી દિશા કંડારવા આહવાન આપ્યું હતું.

આ પ્રસંગે ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી પી.કે.તનેજાએ ગુજરાતમાં સ્ટાર્ટ-અપ ઈકો સિસ્ટમના નિર્માણની કાર્ય યોજના જણાવી હતી.

ઉપસ્થિત મહાનુભાવોની સાથે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વિઝન ડોક્યુમેન્ટ-૨૦૨૦ ઉપરાંત કોફી ટેબલ બૂકનું પણ વિમોચન કર્યું હતું.

# તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ દ્વારા ગોરૈયા ખાતે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો



## ૨૯૩ દર્દીઓની આરોગ્ય તપાસ કરીને સારવાર આપવામાં આવી

ગાંધીનગર, તા. ૨૧

તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગોરૈયાના સયુક્ત ઉપક્રમે ગોરૈયા ગામમાં સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ૨૯૩ જેટલા દર્દીઓની આરોગ્ય તપાસ કરીને મફત સારવાર આપવામાં આવી હતી. સર્વરોગ નિદાન કેમ્પમાં આરોગ્ય પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યુ હતુ જેને મોટી સંખ્યામાં લોકોએ નિહાળ્યુ હતુ. સર્વરોગ નિદાન કેમ્પને સફળ બનાવવા માટે તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.વિરલ વાઘેલા, ગોરૈયાના મેડીકલ ઓફિસર ડૉ.સંગીતા પટણી, ડો.ધનશ્રી ઝવેરી, આયુર્વેદિક મેડિકલ ઓફિસર ડો.કોમલ કટારા, ડૉ. હિરેનભાઈ, ટી.આઈ.ઈ.સી.ઓ. એસ.એલ ભગોરા, ગૌરીબેન મકવાણા, નીલકંઠ વાસુકીયા, જયેશ પાવરા સહિત આરોગ્ય કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.વિરલ વાઘેલાએ જણાવ્યુ હતુ કે, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગોરૈયા ખાતે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં કુલ ૨૯૩ દર્દીઓની આરોગ્ય તપાસ કરીને સ્થળ ઉપર જ નિશુલ્ક સારવાર આપવામાં આવી હતી. જેમાં ૧૦૩ દર્દીઓને એલોપેથીક, ૮૦ દર્દીઓને હોમિયોપેથીક તથા ૧૧૦ દર્દીઓને આયુર્વેદીક પધ્ધતિથી સારવાર આપવામાં આવી હતી. આ ઉપરાંત ઉપસ્થીત લોકોને બેટી બચાવો, મુખ્યમંત્રી અમૃતમ યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના, જનની સુરક્ષા યોજના સહિત વિવિધ આરોગ્ય વિષયક યોજનાઓની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.